સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2374/A Section
સચિવાલય, ગાંધીનગર
તા:૦૨/૦૪/૨૦૨૬

**વંચાણે લીધું:**

(૧) નાણાં વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૬ નો પરિપત્ર ક્રમાંક: FD/Exp/e-file/4/2026/0429/Z1

**ઠરાવ:-**

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના તા.૨૫/૦૨/૨૦૨૬ ના પરિપત્રથી સને: ૨૦૨૬-૨૭ ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલી છે.

૨. સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે આ વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત ચાલુ બાબતની જોગવાઇઓ કે જેનો સમાવેશ અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તે પૈકી આ સાથે સામેલ Statement મુજબની કુલ રૂ. ૩૦.૭૧ કરોડની ચાલુ બાબતને નીચે દર્શાવેલ શરતોને આધીન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ, જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી 'ના વાંધા પ્રમાણ પત્ર' (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યું ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૨) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૩) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા.૩૦/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણઃ- **Statement**

<u>નકલ રવાનાઃ</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા. ન્યા અને અ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (રોકડ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મૂકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

**STATEMENT - B**

**LIST OF CONTINOUS / ONGOING SCHEMES 2026-27**

**DEMAND NO. 92**

( Rs. In Crore )

| Sr. No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Sub Head | Name of the scheme | Component of the schemes | Caste | Continue 2025-26 | Continue 20226-27 | Budget Book Page No. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **2225 WELFARE OF SCHEDULED CASTE, SCHEDULED TRIBES, OTHER BACKWARD CLASSES AND MINORITIES** | | | | | | | | | | | |
| | | | | | **001 DIRECTION AND ADMINISTRATION** | | | | | | |
| 1 | 92 | 2225 | 03 | 001 | 03 | OBC- 18 Strengthening of administrative machinery at all level | BCK-126 F.A.to voluntary agencies for propagaganda and village level administration | SEBC | 0.01 | 0.01 | 13-14 |
| | | | | | | | BCK-128 Strengthening of administrative machinery at all level | SEBC | 0.00 | 0.00 | |
| | | | | | | | BCK-127 Establishment of Separate Director of Socially and Educationally Backward Class | SEBC | 30.00 | 20.55 | |
| | | | | | | | BCK-317 Information, Education Communication Including Survey of Nt-DNt | SEBC | 10.00 | 10.00 | |
| | | | | | | | **Total : 001** | **SEBC** | **40.01** | **30.56** | |
| 2 | 92 | 2225 | 04 | 001 | 01 | MNT-10 Strenghthening of Administrative Machinery at all Level | BCK-291 Strenghthening of Administrative Machinery at all Level | MINO | 0.15 | 0.15 | 27 |
| | | | | | | | **Total : 001** | **MINO** | **0.15** | **0.15** | |
| **TOTAL** | | | | | | | | | **40.16** | **30.71** | |